# તહેવારો પર અંત્યોદય કાર્ડધારકોને ૧ લીટર તેલ અને ૧ કીલો ખાંડ વધુ અપાશે

**રાજકોટ :** જન્માષ્ટમી અને દિવાળીનાં તહેવારો પર ગરીબ પરિવારોને રાજ્ય સરકાર કાર્ડદીઠ વધારાનું એક લીટર તેલ અને ૧ કીલો ખાંડનું રાહતભાવે વિતરણ કરવામાં આવશે. ટુંક સમયમાં જ દરેક દુકાનદારો પાસે વધારાના તેલ અને ખાંડનો જથ્થો પહોંચી જશે અને તહેવારો પૂર્વે ગરીબ પરિવારોને તેનું વિતરણ કરવામાં આવશે.

જન્માષ્ટમી અને દિવાળીના તહેવારોમાં ગરીબ પરિવારોને ઉજવણી કરવા માટે રેશનકાર્ડ ઉપર વધારાનું એક લિટર તેલ અને ૧ કિલો ખાંડનું રાહતદરે વિતરણ કરવામાં આવતું હોય છે. ચાલુ વર્ષે પણ સરકારે આયોજન કર્યું છે. અંત્યોદય પરિવારોને તેમના કાર્ડ ઉપર એક લિટર કપાસિયા તેલ એક લિટર રૂ.૫૦ના ભાવે આપવામાં આવશે જ્યારે વ્યક્તિ દિઠ ૩૫૦ ગ્રામ ખાંડ આપવામાં આવે છે તેના ઉપરાંત કાર્ડ દિઠ ૧ કિલો વધારાની ખાંડ પણ રાહતદરે આપવામા આવનાર છે. જિલ્લા પુરવઠા તંત્ર દ્વારા સ્થાનિક સ્તરે દુકાનદારોને આ અંગ ટૂંક સમયમાં માલ આપી દેવાશે.

# એક્સિસ બેંકે માઇક્રો એટીએમ પર આઇરિસ ઓથેન્ટિફિકેશનની સુવિધા પ્રસ્તુત કરી

**મુંબઈ,** એક્સિસ બેંક તેનાં માઇક્રો એટીએમ ટેબ્લેટ મારફતે આધાર આધારિત નાણાકીય વ્યવહારો માટે આઇરિસ સ્કેન ઓથેન્ટિફિકેશન ફિચર પ્રસ્તુત કરનાર દેશમાં પ્રથમ બેંક બની ગઈ છે. ગ્રાહકને ટેબ્લેટ પર તેમનાં આઇરિસ સ્કેન કરવાની જરૂરિયાત ધરાવતી આ સેવા આધાર ઓથેન્ટિફિકેશન પ્રક્રિયાને સરળ બનાવવા બેંકનાં નાણાકીય સર્વસમાવેશકતાનાં પ્રયાસોને પ્રોત્સાહન આપશે તેમજ દેશનાં ગ્રામીણ વિસ્તારોમાં ખાસ કરીને ઉપભોક્તાઓ માટે ડિજિટલ બેંકિંગની સરળ સુલભતા ઓફર કરશે.

માઇક્રો એટીએમ સંપૂર્ણપણે ડેબિટ કાર્ડ, પાસવર્ડ, પિન, યુઝર આઇડી વગેરેની જરૂરિયાત સંપૂર્ણપણે દૂર કરે છે તથા ઉપભોક્તાઓને તેમનાં આધાર નંબર અને બાયોમેટ્રિક્સ (આઇરિસ સ્કેન/ફિંગરપ્રિન્ટ સ્કેન)નો ઉપયોગ કરીને જ બેંકિંગ સેવાઓનો લાભ લેવા સક્ષમ બનાવશે. બેંકે અતિ સુરક્ષિત આઇરિસ પાવર્ડ માઇક્રો એટીએમ ટેબ્લેટ સ્થાપિત કર્યું છે, જે STQC સર્ટિફાઇડ અને UIDAIનાં નિયમોનું પાલન કરતું રજિસ્ટર્ડ ઉપકરણો છે. આઇરિસ સ્કેન ટેકનોલોજી સંપૂર્ણપણે કોન્ટેક્ટલેસ છે અને ઓથેન્ટિફિકેશન સફળતાનો ૯૮.૨ ટકા દર (ઇન્ટરનેશનલ સેન્ટર ફોર બાયોમેટ્રિક રિસર્ચ દ્વારા થયેલા અભ્યાસ મુજબ) તથા અન્ય પ્રવર્તમાન બાયોમેટ્રિક પદ્ધતિઓની સરખામણીમાં વધારે લાભ ઓફર કરે છે. (૧)



તસવીરમાં ડાબેથી જમણે – શ્રી ડેવિડ રસ્કીન્હા, મેનેજિંગ ડાયરેક્ટર, એક્ષ્પોર્ટ-ઇમ્પોર્ટ બેંક ઓફ ઇન્ડિયા, ડો. ટી. સી. એ અનંત, હેડ ઓફ ડિપાર્ટમેન્ટ, ડિપોર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક્સ, દિલ્હી સ્કૂલ ઓફ ઇકોનોમિક્સ તથા ભારતનાં ભૂતપૂર્વ ચીફ સ્ટેટિશિયન અને ભૂતપૂર્વ સચિવ, આંકડાકીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, ભારત સરકાર, ડો. અમૃતા સાહા, અર્થશાસ્ત્રી, શ્રી ટી સી એ રંગનાથન, ભૂતપૂર્વ સીએમડી, એક્ઝિમ બેંક ઓફ ઇન્ડિયા, એક્ષ્પોર્ટ-ઇમ્પોર્ટ બેંક ઓફ ઇન્ડિયા અને શ્રી દેબાશિષ મલિક, ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર, નવી દિલ્હીમાં યોજાયેલા એક એવોર્ડ સમારંભમાં. (૧)

# જંતુ વ્યવસ્થાપન પર ગુરુગ્રામમાં ૧૭ અને ૧૮ ઓગસ્ટના રોજ બે દિવસીય સમ્મેલન

દેશ ભરમાંથી આશરે ૩૦૦ પેસ્ટ કંટ્રોલ વ્યવસાયિકો જંતુ વ્યવસ્થાપન પર યોજાનારા બે દિવસના સમ્મેલન "ઇંડિયાપેસ્ટ ૨૦૧૮"માં ભાગ લેશે. સમ્મેલન હરિયાણાના ગુરુગ્રામમાં ૧૭ અને ૧૮ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ યોજાશે.

જંતુ નિયંત્રણ (પેસ્ટ કંટ્રોલ) સેવા પ્રદાન કરનારી કંપનીયોની ટોચની રાષ્ટ્રીય સંસ્થા ઇંડિયન પેસ્ટ કંટ્રોલ એસોસિયેશન (આઈપીસીએ) દ્વારા આયોજિત કરવામાં આવી રહેલા આ બે દિવસીય સમ્મેલનનું ઉદ્ઘાટન કેન્દ્રીય પેટ્રોલિયમ તથા પ્રાકૃતિક ગેસ અને કૌશલ્ય વિકાસ તથા સાહસિકતા મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન કરશે.

ઇંડિયન પેસ્ટ કંટ્રોલ એસોસિયેશન (આઈપીસીએ)ના અધ્યક્ષ શ્રી જલધિ ત્રિવેદીએ જણાવ્યું, "પેસ્ટ કંટ્રોલ વ્યવસાયકારો, જેમાં મોટા ભાગે આઈપીસીએના સભ્ય છે, આ સમ્મેલનમાં ભાગ લેશે, જ્યાં તેઓ પેસ્ટ કંટ્રોલ ઉદ્યોગમાં નવા ઘટનાક્રમ, ઉત્પાદનો, સેવાઓ, તકનીકો તથા નિયમો વિશે ચર્ચા કરશે અને જાણશે. તેઓ જૈવ અને જૈવિક જંતુનાશક સહિત નવીનતમ બિન રસાયણ જંતુનાશકો તથા એકીકૃત જંતુ પ્રબંધન વિશે પણ ચર્ચા કરશે."

શ્રી ત્રિવેદીએ જણાવ્યું, "સ્વચ્છતાના માપદંડો પર વધુ ખર્ચ થવા અને શહેરીકરણ વધવાની સાથે જ પેસ્ટ કંટ્રોલ ભારતમાં આકર્ષક ઉદ્યોગ બની ગયો છે. અનુમાનો અનુસાર ભારતમાં વ્યવસાયિક પેસ્ટ કંટ્રોલ સેવાઓનું બજાર લગભગ ૨,૦૦૦ કરોડ રૂપિયાનો છે અ ૧૫ ટકા વાર્ષિક દરથી વધી રહ્યો છે. સાથે જ ગ્રાહક એવા સમાધાન માંગી રહ્યાં છે, જેમાં રસાયણ ન હોય. આ ઉદ્યોગ ઘણો વધી ગયો છે."

તેમણે જણાવ્યું, "ભારતમાં વંદા (કોક્રોચ), ઉંદર, મચ્છર, ઉધઇ, સાપ-વિંછી, લાકડાના જંતુ, કરોળીયા, ગરોળી, માંકડ, કિડી અને ચામાચીડિયા જેવા જંતુઓની સમસ્યા વધુ છે તથા તેના કારણે ઘણા જંતુજન્ય રોગ થાય છે." (૧-૭)

# જયંતી ભાનુશાળી પુરુષોત્તમ રૂપાલાને મુખ્યમંત્રી બનાવવા માગતા હતા

**ગાંધીનગર :** જયંતી ભાનુશાળી પ્રકરણમાં હવે તા ૭ ઓગસ્ટના રોજ ફરિયાદ રદ કરવા અંગે ગુજરાત હાઈકોર્ટ નિર્ણય કરશે. જો કે દુષ્કર્મ કેસની ફરિયાદ તો પીરી થઈ જશે પણ તેની સાથે ભાનુશાળીનું રાજકારણ પણ હવે પૂરું થઈ ગયું હોય તેવા સંકેતો મળી રહ્યાં છે. આખી ઘટના સાથે જયંતી ભાનુશાળીના રાજકીય દુશ્મન છબીલ પટેલને કોઈ સંબંધ નહી હોવાનો તેમનો દાવો છે પણ હાલમાં બજારમાં કઈ રીતે છબીલ પટેલે આખી ઘટનાને અંજામ આપ્યો અને જયંતી ભાનુશાળીને ઘૂંટણીયે પડી સમાધાન કરવું પડ્યું તેની અનેક ઓડિયો ક્લીપ બહાર આવી છે. જયંતી ભાનુશાળી સામે પોલીસ ફરિયાદ નોંધાય તે પહેલા છબીલ પટેલે પોતાની પાસે કેટલો મસાલો છે તેની જાણકારી જયંતી ભાનુશાળીને પહોંચાડી હતી અને છબીલ પટેલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જયંતી ભાનુશાળી કાયમ માટે રાજકારણ છોડી દેવા તૈયાર હોય તો સમાધાન શક્ય છે નહીંતર ભાનુશાળીની અને તેની સાથેની મહિલાઓની વીડિયો ક્લીપ જાહેર થશે અને પોલીસ કેસ પણ થશે. જો કે પહેલા ભાનુશાળીએ છબીલ પટેલની હરકતોને ઓછી આંકી હતી. બહાર આવેલી એક ઓડિયો ક્લીપમાં છબીલ પટેલ ભાજપના એક સિનિયર નેતા સાથે ટેલિફોનિક વાત કરે છે. તે આ નેતાને જાણકારી આપે છે કે ભાનુશાળીના મહિલા સાથે સંબંધોની જાણકારી હવે હાઇકમાન્ડ સુધી પહોંચી ગઈ છે. હાઇકમાન્ડ અને મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત ગૃહરાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજા પણ જયંતી ભાનુશાળી સામે નારાજ છે કારણ કે જયંતી ભાનુશાળી પુરૂષોત્તમ રૂપાલાને મુખ્યમંત્રી બનાવવા જોઈએ તેવી રજૂઆત દિલ્હી કરવા ગયા હતા.

# હેલો! અમદાવાદમાં રોયલ ફેબલ્સના લોન્ચિંગ નિમિત્તે ભવ્ય ભોજન સમારંભનું આયોજન



**અમદાવાદ,** પ્રિમિયમ લાઈફસ્ટાઈલ બ્રાન્ડ હેલો! ઈન્ડિયા અને હેરિટેજ પ્લેટફોર્મ રોયલ ફેબલ્સ કે જે રોયલ ઈન્ડિયાનું પ્રતિનિધિત્વ કરે છે તેમણે સાથે મળીને અમદાવાદમાં રોયાલિટી અને સંસ્કૃતિને સમર્પિત એવી સાંજ હોસ્ટ કરી હતી. આ ઈવેન્ટ રોયલ ફેબલ્સના હેલો! મેગેઝિન દ્વારા સહયોગ પ્રાપ્ત કિશનદાસ એન્ડ કું. અને પેટલ્સ ફાઉન્ડેશન સાથેના સહયોગ સાથે હયાત વસ્ત્રાપુરમાં પ્રથમ પ્રદર્શનનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે ઉમંગ હઠીસિંગ વિન્ટર ૧૮ કલેક્શન હૈદરાબાદના અગ્રણી જ્વેલ હાઉસ હેરિટેજ જ્વેલરી બાય કિશનદાસ એન્ડ કુ. સાથે રજૂ કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટનું સમાપન હેલો! સાથે ગુજરાતના અગ્રણી કલ્ચરલ કસ્ટોડિયન્સના સન્માન સાથે થયું હતું.

આ અંગે હેલો! મેગેઝિનના એડિટર રૂચિકા મહેતાએ કહ્યું હતું, 'હેલો! હંમેશા ભારતમાં પ્રિમિયમ અને અનોખી કન્ટેન્ટ તેના વાચકોને આપવા માટે અગ્રેસર રહ્યું છે. અમારૂં રોયલ ફેબલ્સ સાથેનું જોડાણ અમારા કન્ટેન્ટનું વિસ્તરણ છે જે ભારત અને તેની ઉજ્જવળ ગાથાને વિવિધ પાસાઓમાં રજૂ કરે છે. અમારો સતત પ્રયાસ આવા એંગેજિંગ એક્ટિવેશન્સ રજુ કરવા અને અમારા ક્લાયન્ટ્સ તથા અન્ય હિતધારકો માટે વધુ વેલ્યુ એડિશન કરવા માટેનો હોય છે, જે લક્ષિત ઓડિયન્સમાં તેમની વિઝિબિલિટી વધારે છે.(૧૯-૮)

# શહેરમાંથી ૪૦થી વધારે ભિક્ષુકોને રાઉન્ડઅપ કરાયા

રાજકોટ: શહેરમાં રખડતુ-ભટકતુ જીવન જીવતા અને ભિક્ષાવૃતિ કરતા ભિક્ષુકોને રાઉન્ડઅપ કરવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ૪૦ જેટલા ભિક્ષુકોને રેસ્કયુ કરવામાં આવ્યા હતા અને તમામની પુછપરછ કરી પુનઃ સ્થાપન કરવાની કામગીરી કરવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે. શહેરના જાહેર રસ્તાઓ ઉપર ભિક્ષાવૃતિ કરી પ્રજાને પરેશાન કરતા ભિક્ષુકોને પકડી તેઓને ભિક્ષા પ્રતિબંધક અધિનિયમ-૧૯૫૯ હેઠળ ટ્રાફીક કોર્ટ સમક્ષ રજુ કરી તેને ભિક્ષુક સત્કાર કેન્દ્ર ખાતે રાખવા માટે આજે સમાજ સુરક્ષા વિભાગ, રાજકોટ મહાનગરપાલીકા અને રેનબસેરાના સંયુકતપણે પોલીસ બંદોબસ્ત રાખી મેગાડ્રાઈવ કરવામાં આવી હતી. જેમાં બાળમજુરોને પણ રેસ્કયુ કરવામાં આવ્યા હતા.

**COMFORT INTECH LIMITED**

**Regd Off.:** 106 Avkar Algani Nagar Kalaria Daman DD 396210
**Corp Off.:** A-301, Hetal Arch S.V.Road, Malad (West) Mumbai 400064
**Phone No.:** 022 28449765/66/67, **Fax:** 022 28892527,
**Email:** info@comfortintech.com **Website:** www.comfortintech.com
**CIN:** L70100DD1994PLC001678

**NOTICE**

**NOTICE** is hereby given that the 24th Annual General Meeting (AGM) of **COMFORT INTECH LIMITED** will be held on Saturday, 1st September 2018 at 4:30 p.m. at Hotel Cidade De Daman, Devka Beach, Nani Daman - 396210 (U.T of Daman and Diu).

A member entitled to attend and vote at the Meeting is entitled to appoint a proxy to attend and vote instead of himself/herself and a proxy need not be a member of the Company. The instrument appointing Proxy should, however, be deposited at the registered office of the Company not less than 48 hours before the commencement of the Meeting.

Pursuant to Section 91 of the Companies Act, 2013 and Regulation 42 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Register of Members and Share Transfer Books shall remain closed from Saturday, 25th August, 2018 to Saturday, 1st September, 2018 (both the days inclusive) for the purpose of AGM and Dividend.

In Compliance with the provisions of Section 108 of the Companies Act, 2013 and Rule 20 of the Companies (Management and Administration) Rules, 2014 as substituted by the Companies (Management and Administration) Amendments Rules, 2015, Regulation 44 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and Secretarial Standards on General Meeting (SS-2) issued by the Institute of Company Secretaries of India, the Company has availed the services of NSDL for providing an e-voting platform to the members of the Company. Member of the Company, holding shares either in physical form or dematerialized form, as on the cut-off date i.e. 25th August, 2018, may cast their vote electronically from a place other than venue of the AGM ("remote e-voting"), on the business as set out in the notice of 24th AGM. The e- voting period begins on the **on 29th August, 2018 at 09.00 a.m. and ends on 31st August, 2018 at 5.00 p.m.** Thereafter, the e-voting module will be disabled.

In case of any queries, you may refer to the Frequently Asked Questions (FAQs) for members and e-voting user manual for members available at the Downloads sections of https://www.evoting.nsdl.com or contact NSDL at the following toll free no.: 1800-222-990. The Notice convening 24th AGM along with the Annual Report of the Financial Year 2017-18 and other relevant documents are also available on the Company website i.e. www.comfortintech.com.

For **Comfort Intech Limited**
Sd/-
**Anil Agrawal**
**Managing Director**
**DIN: 00014413**

**Place : Mumbai**
**Date : August 5, 2018**

**કેપ્રી ગ્લોબલ કેપીટલ લીમીટેડ**

Capri Global CAPITAL LIMITED

રજીસ્ટર્ડ ઓફીસ : ૧-બી, કોર્ટ ચેમ્બર્સ, ૩૫ સર વિઠ્ઠલદાસ ઠાકરસી માર્ગ, ન્યુ મરીન લાઇન્સ, મુંબઈ-૪૦૦૦૨૦,
પ્લોટ નં,૩ બી, ૨જે માળે, પુસા રોડ, કરોલ બાગ દિલ્હી -૧૧૦૦૦૫

By R.P.A.D/Speed Post WITHOUR PREJUDICE. JULY 10TH 2018

**મેસર્સ ગૌતમ માર્કેટીંગ** (માલીક શ્રી વિશાલ અમરશી ગાલા મારફતે ) ગોડાઉન નં.૨, પ્લોટ નં ૪૨, સેકટર ૧૯ એ, વાસી નવી મુંબઈ, મહારાષ્ટ્ર ૪૦૦૭૦૩. દુકાન નં.૨૨૨,૨૨૩,૨૨૫,૨૨૯ અને ૨૩૦, નહેરુનગર ૨ જે માળે બી વીંગ, અમદાવાદ ગુજરાત ૩૮૦૦૧૫
**વિશાલ અમરશી ગાલા,** ડી- ૪૬, એસ -૧૧, અમરજયોતી સીએચએસ, સેકટર ૧૪ વાસી નવી મુંબઈ મહારાષ્ટ્ર ૪૦૦૭૦૩.
**શ્રી જીનલ વિશાલ ગાલા,** ડી- ૪૬,એસ ૧૧, અમરજયોતી સીએચએસ, સેકટર-૧૪ વાસી નવી મુંબઈ મહારાષ્ટ્ર ૪૦૦૭૦૩.
**વિષય : નોટીસ અનુચ્છેદ ૧૩(૨) સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્સન ઓફ ફાયનાન્શીયલ એસેટ્સ એન્ડ ઇન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨,(અહી અને હવે પછી ધ એકટ)**

શ્રીમાન-શ્રીમતિ

મેસર્સ કેપરી ગ્લોબલ કેપીટલ લીમીટેડ ( અહી અને હવે પછી **સીજીસીએલ**) તે બેંક નહી તવા ફાઇનાન્સ કંપની તે બીજુ ફાઇનાન્સનું કામ મીનીસ્ટ્રી ઓફ ફાઇનાન્સની સુચના મુજબ કરે છે. ભારત સરકાર સરકારના જાહેરનામા નં.એસઓ ૨૬૪૧(ઇ) તારીખ ૫મી ઓગષ્ટ ૨૦૧૬, આ કાયદાની કલમ ૨(૧) (એમ) (iv)ની હેઠળ મળેલી સત્તાની રુએ કાર્યવાહી કરતા તેમની રજીસ્ટર્ડ **ઓફીસ ૫૦૨, ટાવર એ, પેનીનશુલા બીઝનેસ પાર્ક, સેનાપતી, બાપટ માર્ગ,લોઅર પરેલ, મુંબઇ ૪૦૦૦૧૩, તેની શાખા કચેરી પ્લોટ ૩ બી બીજે માળે પુસા રોડ, કરોલ બાગ દિલ્હી** અહી તમને કલમ ૧૩ (૨) હેઠળ નોટીસ પાઠવવામાં આવી છે.

સીજીસીએલ અમારી વિનંતી ને આધારે **મેસર્સ ગૌતમ માર્કેટીંગ** (માલીક શ્રી વિશાલ અમરશી ગાલા) (અહી અને હવે પછી તે કરજદાર તરીકે ઉલ્લેખ થશે) **શ્રી વિશાલ અમરશી ગાલા અને શ્રીમતિ જીનલ ગાલા** (સહ કરજદાર) જામીનગીરી આપેલ હતી નાણાંકીય સગવડ માટે લોન આપેલી રુ ૨,૩૯,૫૦,૦૦૦ (બે કરોડ ઓગણચાલીસ લાખ પચાસ હજાર પુરા) તમે **શીડ્યુલ એ** માં દર્શાવેલ દસ્તાવેજો આપી ને તમારી વિનંતીને ધ્યાનમાં રાખીને લોનની સગવડ આપેલી.

શ્રી વિશાલ અંબરીષ ગાલા જે નાંણાકીય લોનની સગવડતા મેળવવા માટેની જે શરતો અને નિયમો હતા તે બંન્ને મંજુર થયેલા અને તેમાં જરુરી મિલકતના દસ્તાવેજો સીજીસીએલની તરફેણમાં ગીરો કરી આપેલા.

આ સંબધિત લોન નાંણાકીય સગવડ બાબતની વિગતો નીચે મુજબ છે.

૧. આ કહેવાતા દસ્તાવેજો અને કરાર મુજબ નાણાંકીય સગવડ મેળવી છે તે પરત આપવામાં તમે બાહેધરી આપી હતી.
૨. ક્રેડીટ સગવડતા જામીનગીરી અમારી તરફેણમાં મિલકત ગીરો મુકેલી તે સંબંધી મિલકતની વિગતો શીડયુલ બી માં આપેલી છે.
૩. આ કહેવાતા દસ્તાવેજો અને કરાર મુજબ નાણાંકીય સગવડ મેળવી છે તે પરત આપવામાં તમે બાહેધરી આપી હતી અને તેની શરતો તથા નિયમ મુજબ તમે નાણા પરત ચુકવવામાં કસુરવાર થયા છો. તમે મેળવેલી લોનની સગવડના વ્યવહારો અનિયમિત છે તેથી તમારુ ખાતુ નોન પરફોર્મીગ એસેટ તરીકે ગણવામાં આવે છે.
૪. વારંવારની વિનંતી છતા તમે તમારી આર્થિક જવાબદારી બાકી ચુકવવામાં નિષ્ફળ ગયા છો તેની ઉપેક્ષા કરી છે. આથી સીજીસીએસ કંપની પાસે કોઇ વિકલ્પ ન હતો તેથી કલમ ૧૩ (૨) હેઠળ આ નોટીસ આપવામાં આવે છે અને આ નોટીસ મળ્યેથી ૬૦ દિવસની અંદર નાણાં ભરી જવા જણાવવામાં આવે છે.

| કરાર નં. | ગિરો છોડાવવાની રકમ (આઇએનઆર) | ગિરો છોડાવવાની તારીખ | તારીખ પછી વધારાનું વ્યાજ કુલ બાકી રકમ |
|---|---|---|---|
| LNCGCMUMTL0000003251 | ૨,૩૦,૯૧,૯૮૧ (રૂપિયા બે કરોડ ત્રીસ લાખ એકાણું હજાર નવ સો એક્યાસી પુરા) | ૧૫-જુન-૨૦૧૮ | ૧૪ % |

રુ ચુકવણીની તારીખ સુધીના વ્યાજ સાથે ઉપર જણાવેલ રકમ ચુકવવામાં તમે નિષ્ફળ ગયા તો કલમ ૧૩(૪) હેઠળ તમારી સામે કાર્યવાહી કરવાની સત્તા મળેલી છે તેનો ઉપયોગ કરી કાર્યવાહી કરવામાં આવશે.

૫. આ કાયદાની કલમ ૧૩(૧૩) હેઠળ અમારી લેખીત મંજુરી સિવાય ગીરો મિલકત કે જે શીડયુલ બી માં દર્શાવેલી છે તે કોઇના નામે ફેરબદલ કે લીઝ કે વેચાણ કે કોઇ રીતે કોઇને તબદીલ કરી શકશો નહી.
૬. કરજદાર,સહ-કરજદાર અને ગીરો મુકનાર ને કલમ (૮) અનુચ્છેદ ૧૩ મુજબ તેમની મીલકત છોડાવવા માટે પુરેપુરો સમય આપવામાં આવ્યો છે.
૭. તમને આપેલી લોનના સંબંધમાં બીજી કોઇ કહેવાતી જવાબદારી ઉભી થાય તો તે કોઇ પણ હોય તે તમારા વતી લઇ લેવી અને તમને આપવી તે બાબતનો હક્ક અમને રહેલો છે.
૮. કાયદાની જોગવાઇઓ મુજબ જે લાગુ પડતુ હોય તે કાયદાકીય પગલા તમારી સામે લેવાના થાય તો તેની રકમ તમારે ભોગવવાની રહેશે અને આ નોટીસ કોઇ પણ પુર્વગ્રહ વિના કોઇ કલમનો ભંગ ન થાય તે રીતે આપવામાં આવે છે.
૯. તમે આનોટીસ બાબતે કોઇ પ્રતિનિધિ નિમવા માંગતા હોય તો **શ્રી યોગેશકુમાર કેપ્રી ગ્લોબલ કેરીટલ લીમીટેડ, પ્લોટ ૩ બી, બીજે માળે પુસા રોડ, કરોલ બાગ,ન્યુ દિલ્હી-૧૧૦૦૦૫** માત્ર સમયસર અમને પ્રતિક્રીયા આપવા માટે. કોઇપણ વ્યકિત કે સ્થળના સરનામા સાથે અમે તમારા પ્રતિનિધિ બાબતે કોઇ રીતે તેમને પ્રતિભાવ આપવા માટે જવાબદાર નથી.

**શિડ્યુલ એ**

| ક્રમ નં. | પ્રકૃતિની ઉપયોગિતા | મંજૂર થયેલી ચુકવવા પાત્ર રકમ | એલએએન અને તારીખ |
|---|---|---|---|
| ૧. | એમએસએમઈ ટર્મ લોન (મિલકત સામે લોન) | રૂા. ૨,૩૯,૫૦,૦૦૦/- (રૂપિયા બે કરોડ ઓગણચાલીસ લાખ અને પચાસ હજાર પુરા) | LNCGCMUMTL0000003251 કરાર કર્યો ૩૧ ઓકટોમ્બર-૨૦૧૫ |

**શિડ્યુલ બી** ( સિક્યોર્ડ એસેટની વિગત)

તમામ ભાગ હિસ્સો આ કોમર્સિયલ મિલકત દુકાન નં.૨૨૨,૨૨૩,૨૨૫,૨૨૯,અને ૨૩૦ નહેરુનગર ૨જે માળે, બી વીંગ,ગોપાલ પેલેસ, ટીપીએસ:૨૧,એફપી ૨૩૬, મોજેઃ વસ્ત્રાપુર,તાલુકા વેજલપુર ( જુનુ શહેર) જિલ્લો અને ૫- જિલ્લો, અમદાવાદ ગુજરાત ૩૮૦૦૧૫ માં છે.

**સ્થળ : મુંબઈ**
**તારીખ : ૧૧.૦૮.૨૦૧૮**

**કેપ્રી ગ્લોબલ કેપીટલ લીમીટેડ વતી**
**અથોરાઇઝ્ડ ઓફિસર**
**યોગેશ કુમાર ડિઝીગ્નેશન : ચીફ મેનેજર લીગલ**

# વાઘ(જી)ની ત્રાડને પોતે જ લવારી ગણી: કોંગ્રેસમાંથી આપ્યું રાજીનામું

**રાજકોટ :** મગફળી કૌભાંડે વધુ એક રાજકીય ભોગ લીધો છે. સમગ્ર કૌભાંડમાં રાજ્ય સરકારને જવાબદાર ઠરાવનાર 'નાફેડ'ના ચેરમેન વાઘજીભાઈ બોડાએ ટંકારા તાલુકા કોંગ્રેસના સંમેલનમાં કોંગ્રેસના બેનર હેઠળ એ નિવેદન આપીને ઔચિત્ય ભંગ કર્યો હોવાના મતલબનો વાંધો નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ઉઠાવ્યો હતો, જેના ગણતરીના કલાકોમાં જ વાલજીભાઈએ મીડિયા સમક્ષના નિવેદનમાં તેમની ઉતાવળ થઈ ગયાનું સ્વીકારી કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. આમ, પોતે નિષ્કલંક હોવાનું કહેનાર શ્રી બોડાને મગફળીની ધૂળ નડી ગઈ છે! ગઈકાલે ટંકારા તાલુકા કોંગ્રેસના સંમેલનમાં નાફેડના ચેરમેન શ્રી વાઘજીભાઈ બોડાએ ઉકળાટ ઠાલવતા કહ્યું હતું કે 'ફડચામાં ગયેલા કેપ્ટન યુનિયનને રાજય સરકારે ૮૦ ટકા ખરીદીની સત્તા આપી હતી.

**શ્રી મહાલક્ષ્મી એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ લીમીટેડ**
સીન નં.: L52100GJ1993PLC019031
એ૬: ૫૭-૫૮-૫૯, ૬ઠ્ઠો માળ, શ્રી કૃષ્ણા સેન્ટર, મીઠાખળી છ રસ્તા, મીઠાખળી અમદાવાદ - જીજે ૩૮૦૦૦૯

**નોટીસ**

સીકયુરીટી એક્ષચેન્જ બોર્ડ ઓફ ઇન્ડીયા (લીસ્ટીંગ ઓબ્લીગેશન એન્ડ ડીસકલોઝર રીકવાયરમેન્ટ) ના રેગ્યુલેશન ૨૯ મુજબ નિયમ ૨૦૧૫ (લીસ્ટીંગ રેગ્યુલેશન) કંપનીના બોર્ડ ઓફ ડાયરેકટરોની મીટીંગ મંગળવાર ૧૪ મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ અનઓડીટેડ નાણાંકીય વ્યવહારો હિસાબો કે જે તા. ૩૦ જુન, ૨૦૧૮ના રોજ પુરા થતા ત્રિમાસિક નાણાંકીય પરિણામો માટે મળનાર છે.

આના અનુસંધાનમાં કંપનીના વ્યવહારો કંપનીના (વ્યવહારો માટેની બારી) બંધ રહેશે ૭મી ઓગસ્ટ, ૨૦૧૮ કે ૧૬મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ ૬.૦૦ વાગે પરિણામ જાહેર થયા બાદના ૪૮ કલાક સુધી પ્રતિબંધ રહેશે.

**તમારો વિશ્વાસુ,**
**શ્રી મહાલક્ષ્મી એગ્રીકલ્ચરલ ડેવલપમેન્ટ લીમીટેડ વતી**
**સહી/-**
**શ્રી સતીષ રાવલ**
**ડિરેક્ટર**
**તારીખ : ૭મી ઓગસ્ટ, ૨૦૧૮**

**ફોર્મ એ**
**જાહેર ઘોષણા**
(ભારતના નાદારી અને નાદારી બોર્ડના નિયમન ૬ હેઠળ (કોર્પોરેટ વ્યક્તિઓ માટે નાદારી ઠરાવ પ્રક્રિયા) નિયમો, ૨૦૧૬)
ઓરેકલ હોમ ટેક્સટાઇલ લીમીટેડના લેણદારોના ધ્યાન માટે

**સંબંધિત વિગતો**

| | | |
|---|---|---|
| ૧. | કોર્પોરેટ દેવાદારનું નામ | **ઓરેકલ હોમ ટેક્સટાઇલ લીમીટેડ** |
| ૨. | કોર્પોરેટ દેવાદારની થાપનાની તારીખ | ૨૬ એપ્રિલ ૧૯૮૫ |
| ૩. | જેની હેઠળ કોર્પોરેટ દેવાદારની સ્થાપના થઈ છે/ નોંધાયેલ છે તે સત્તા. | આરઓસી- મુંબઈ |
| ૪. | કોર્પોરેટ ઓળખ નંબર/કોર્પોરેટ દેવાદારની મર્યાદિત જવાબદારી ઓળખ નંબર. | U70102MH1985PLC036047 |
| ૫. | કોર્પોરેટ દેવાદારની નોંધાયેલી ઓફીસ અને મુખ્ય ઓફીસ ( જો કોઈ હોય)તો, | ૨૧૬ ક્રિએટીવ ઇન્ડસ્ટ્રીયલ સેન્ટર, એન એમ જોષી માર્ગ લોઅર પરેલ મુંબઈ એમએચ ૪૦૦૦૧૧ |
| ૬. | કોર્પોરેટ દેવાદારની નાદારીની શરૂઆત થયાની તારીખ | ૯મી, ઓગસ્ટ, ૨૦૧૮ |
| ૭. | નાદારી ઠરાવ પ્રક્રિયા બંધ કરવાની અંદાજિત તારીખ | ૫મી ફેબ્રુઆરી, ૨૦૧૯ |
| ૮. | અંતરાલ ઠરાવ વ્યવસાયિકનું નામ, દેવાદારનુ નામ નોંધણી નંબર | જિતેન્દ્રકુમાર રામબરન યાદવ, IBBI/IPA-003/IP-N00022/2017-2018/10169 |
| ૯. | અંતરાલ ઠરાવ વ્યવસાયિકનું નામ, સરનામું, ઈમેઇલ સરનામું અને જે બોર્ડમાં નોંધણી છે | ૧૧ સિંધ હાઉસ, ૨જો માળ, ૨૩ બાલાલ દોશી માર્ગ , બોમ્બે સ્ટોક એક્સચેન્જ પાસે, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧, મહારાષ્ટ્ર ઈમેઇલ : jitendra.yadav0712@gmail.com. |
| ૧૦. | જો બેઓના હોય તો અંતરિમ વ્યવસાયિક દેવાદારનું ઈમેઇલ સરનામુ, જે ઉપયોગ કરતા હોય. | ઉપરોક્તજ છે |
| ૧૧. | દાવાઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ | ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ |
| ૧૨. | દેવાદારનો વર્ગ જે અંડર ક્લાઝ (બી) સબ સેક્શન (૬એ)ના સેક્શન ૨૧ એસેસરટેઇન્ડ જે આન્તિરક રિજુલેશન પ્રોફેશનલ હેઠળ હોય. | અરજદાર નથી |
| ૧૩. | નેમ ઓફ ઈન્સોલવેન્સી વ્યવસાયિકની ઓળખ આ એક્ટ અથોરાઇઝ્ડ દેવાદારનો વર્ગ માં (પ્રત્યેક વર્ગમાં ત્રણ નામ) | અરજદાર નથી |
| ૧૪. | (એ) સંબંધિત ફોર્મ્સ અને (બી) અધિકૃત પ્રતિનિધિ નું વિવરણ ઉપલબ્ધ એટ: | web link :http://www.ibbi.gov.in/ ડાઉનલોડ એચટીએમ એલ ફિઝિકલ સરનામું : ૧૧ સિંધ હાઉસ, ૨જો માળ, ૨૩ અંબાલાલ દોશી માર્ગ, બોમ્બે સ્ટોક એક્સચેન્જ પાસે, ફોર્ટ, મુંબઈ ૪૦૦૦૦૧, મહારાષ્ટ્ર. |

આથી નોટિસ આપવામાં આવે છે કે માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ એ ૯મી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ ઓરેકલ હોમ ટેક્સટાઇલ લીમીટેડ સામે કોર્પોરેટ નાદારીની ઠરાવ પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો છે.ઓરેકલ હોમ ટેક્સટાઇલ લીમીટેડના લેણદારોને આથી ૨૩મી ઓગસ્ટ, ૨૦૧૮ ના રોજ અથવા પહેલા અંતાલ ઠરાવ વ્યવસાયિક ને આઇટમ ૯ની સામે ઉલ્લેખિત સરનામા પર તેમના દાવાઓનો પુરાવો રજુ કરવામાટે કહેવામાં આવે છે.

દાવાઓના પુરાવાની રજુઆત, ફાયનાન્સીયલ લેણદારો એ ઇલેક્ટ્રોનીક એટલે એ ક્લોજના એન્ટ્રી નં.૧૨ સામે કરવો, જ્યાંઅધિકૃત પ્રતિનિધિના ક્લોઝ ત્રણ ઈન્સોલ્વેન્સી પ્રોફેશનલના નામ એન્ટ્રી નં.૧૩ માં નોંધ છે જે સીએ ફોર્મમાં (નોટ એપ્લીકેબલ) વર્ગના અથોરાઇઝડ પ્રતિનિધિ છે.

ગેરસમઝવાળા દાવાના પ્રમાણ મોકલવા વાળાને દંડિત કરાશે.

**સહી/-**
**જિતેન્દ્રકુમાર રામબરન યાદવ**
**અંતરાલ ઠરાવ વ્યવસાયિક**
IBBI/IPA-003/IP-N00022/2017-2018/10169

તારીખ : ૧૧મી ઓગસ્ટ, ૨૦૧૮
સ્થળ : મુંબઈ

**Bloom Dekor Limited**

**CIN:** L20210GJ1992PLC017341

**Registered Office:** Plot No. 267, Village: Oran, Tal: Prantij, N.H.8, Dist. Sabarkantha, North Gujarat - 383 205
**Corp.off:** 2/F, Sumel, Sarkhej-Gandhinagar Highway Road, Opp. GNFC Info Tower, Thaltej, Ahmedabad - 380 059
**Ph:** 079 - 2684 1916; **Fax:** 079 - 2684 1914; **Email:** redressal@bloomdekor.com; **Web:** www.bloomdekor.com

(₹ in Lakh except EPS)

| Particulars | Quarter ended on 30/06/2018 Unaudited | Year ended on 31/03/2018 Audited | Quarter ended on 30/06/2017 Unaudited |
|---|---|---|---|
| Total Income From Operations | 1,226.00 | 6,694.55 | 1,667.24 |
| Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | (255.70) | (369.95) | (113.91) |
| Net Profit/(Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | (255.70) | (369.95) | (113.91) |
| Net Profit/(Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | (214.21) | (150.93) | (89.22) |
| Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | (211.91) | (142.17) | (89.17) |
| Equity Share Capital | 685.00 | 685.00 | 685.00 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the audited Balance Sheet of the previous year) | - | 370.90 | - |
| **Earnings Per Share (of Rs 10/- each) (for continuing and discontinued operations)-** | | | |
| Basic : (not annualized for the quarter ended) | (3.13) | (2.20) | (1.30) |
| Diluted:(not annualized for the quarter ended) | (3.13) | (2.20) | (1.30) |

**Note:-** The above financial is an extract of the detailed format of quarterly Financial Results filed with the BSE Limited under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015. The full format of the quarterly Financial Results are available on the Bombay Stock Exchange Website at www.bseindia.com and Company's website at

For,Bloom Dekor Limited
Sd/-
Karan Gupta
Executive Director
DIN: 03435462

Place: Ahmedabad
Date: August 10, 2018

**कार्पोरेशन बैंक Corporation Bank**
(એ પ્રિમીયર પબ્લીક સેક્ટર બેંક)
**પાંડેશ્વર બ્રાન્ચ મેંગલોર**
હેડ ઓફિસ, મંગલાદેવી ટેમ્પલ રોડ, મેંગલુરૂ - ૫૭૫૦૦૧

જે હોય તે કોર્પોરેશન બેંકના સત્તાવાર અધિકારી એ નીચે જણાવેલ મિલકતનો કબ્જો લીધો છે જેની નોટીસ સિક્યુરિટીઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્સીયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ૨૦૦૨ મુજબ નીચે જણાવેલ લોન એકાઉન્ટ માટે જે મિલકત જેમ છે તે સ્થિતિએ વેચવાનો હક્ક સાથે કબ્જો કર્યો છે. બેંકની બાકી રકમ તથા તેના ઉપરાંત વ્યાજ નીચે સહી કરનારને કલમ ૧૩(૪) હેઠળ મળેલી સત્તાની રૂએ બેંકના બાકી લેણાં વસુલવા આ મિલકત વેચવાની છે. નીચે સહી કરનારે વેચાણની કાર્યવાહી ઈ-ઓકશન મારફતે વેબસાઈટ www.bankeauctionwizard.com પર પુરી પાડવામાં આવશે.

૧. કરજદારનું નામ અને સરનામુ- મેસર્સ યોજાકા (ઇન્ડિયા) પ્રા. લી. ( જે યોજાકા મરીન પ્રા.લી.નામે ઓળખાય છે), ડોર નં. ૩/૨૮/૪૩, ૨જો માળ, એબકો ટ્રેડ સેન્ટર એનએચ૬૬, કોટ્ટારા ચોકી, મેંગલુરૂ.
૨. જામીનદારનું નામ સરનામું- i) શ્રી જગદીશ બોલુર, એસ/ઓ ગોપાલાકૃષ્ણા બોલુર,ફ્લેટનં.૧૦૦૬,અભિમાન પૈલેસ, કનારા હાઈ સ્કૂલ ઉરવા, મન્નાગુડ્ડા,મેંગલુરૂ
ii) શ્રી બી વિનય કુમાર, એસ/ઓ બાબુ સલીયન, ડોર નં. ૬-૧૯-૮૫૪/૧, ફ્લેટ નં. ૬૦૧, માતાદક્ષિણી એન્કલેવ, માતાદક્ષિણી ક્રોસ રોડ, ગાંધીનગર, બોલુર મેંગલુરૂ
iii) શ્રી દેવાદાસ બોલુર,એસ/ઓ કૃષ્ણપ્પાબાંગેરા,ડોર નં.૬-૧-૨૪/૩, ફ્લેટ નં.૧૦૩, ટારા એપાર્ટમેન્ટ, ૮ટીએમ ક્રોસ, ગાંધીનગર, મન્નાગુડ્ડા,મેંગલુરૂ
iv) શ્રીમતી ભારથી જગદીશ,પત્ની.જગદીશ બોલુર, ફ્લેટ નં.૧૦૦૬, અભિમાન પેલેસ, કાનારા હાઈસ્કૂલ પાસે,ઉરવા, મન્નાગુડ્ડા, મેંગલુરૂ.
v) શ્રીમતી શશીકલા વિનય કુમાર, પત્ની બી વિનય કુમાર, ફ્લેટ નં.૬૦૧, માતાદક્ષિણી એન્કલેવ, માતા દક્ષિણી ક્રોસ રોડ, ગાંધીનગર, બોલુર, મેંગલુરૂ.
vi) શ્રીમતી રૂમાવથી કે મેન્ડોન, પત્ની શ્રી કેશવા મેન્ડોન, થામી હાઉસ, ઈડ્ડીયા વિલેઝ, સુરથકલ, મેંગલુરૂ.

૩ (એ) માંગણા નોટિસની તારીખ -૩૧.૦૩.૨૦૧૭ (બી) કબ્જા નોટિસની તારીખ-૧૯.૦૯.૨૦૧૭ (સી) આ મિલકતના આરક્ષિત દેવા માટે રિકવરી - રૂા.૧૮૪૭૯૯૧૪૭૫/- અને વ્યાજ તથા અન્ય ખર્ચ સાથે.

૪. મિલકત ખરીદવા માટેની પૂર્ણ જાણકારી

ઓફિસ નં. ૨૦૨ના બધા ભાગ અને હિસ્સોજે બીજા માળ પર છે, માપ લગભગ ૪૩૩૮ ફીટ જેમકે ૪૦૩.૧૬ સ્કેવર મીટર ( સુપર બિલ્ટઅપ એરિયા)તથા ૨૬૦૨.૮ ફીટ જેમ કે ૨૪૧.૯૦ સ્કેવર મીટર (કારપેટ એરિયા) બિલ્ડિંગજે શિવાલીક વેસ્ટર્ન ના આર.એસ. નં. ૧૨ અને ૭૨, ટી.પી. સ્કીમ નં. ૩૧ (અડાજણ) ફાયનલ પ્લોટ નં. ૧૧૯ અને ૧૧૬ ગામ અડાજણ, સુરત તાલુ. સુરત સિટી ઓફ સુરત ડિસ્ટ્રીક્ટમાં મેસર્સ યોજાકા (ઇન્ડિયા) પ્રા.લી. ની માલિકીની છે. તેની ચારે બાજુ-
પૂર્વ : ટી.પી. રોડ જોડાયેલ, પશ્ચિમ : એફ.પી. નં.૧૧૮ જોડાયેલ, ઉત્તરે : ટી.રી. રોડ જોડાયેલ, દક્ષિણે : એફ.પી.નં. ૧૧૫ જોડાયેલ છે.

(એ) આરક્ષિત પ્રાઇઝ - રૂા. ૨૩૯.૬૭ લાખ (બી) બાનાની જમા રકમ -રૂા.૨૩.૯૭ લાખ (સી) બીડ વધારો - રૂા. ૧૦,૦૦૦.૦૦ નિરીક્ષણની તારીખઃ ૦૫.૦૯.૨૦૧૮ના રોજ ૧૦.૦૦ ક્લાક અને સાંજે ૫.૦૦ ક્લાકે પહેલા જાણ કરવી.

**શરતો અને નિયમો**

૧. ઈ-હરાજી **જ્યા છે જેમ છે અને આધારે ઓનલાઈન સંગ્રહિત કરવાની રહેશે.**
૨. હરાજી વેચાણ પોર્ટલ https://www.bankauctionwizard.com ના માધ્યમથી ઈ- હરાજી સર્વિસ પ્રોવાઇડર મેસર્સ એન્ટારેસ સિસ્ટમ્સ લી. જેની કોર્પોરેટ ઓફિસ બેંગલુરૂમાં ૦૬.૦૯.૨૦૧૮ના રોજ ૧૧.૪૫ થી ૧.૧૫ ક્લાકે ૧૦ મિનીટ ના વધારા સમય સાથે રહેશે.
૩. ઇચ્છુક બીડરે ઈ- હરાજીના નિયમ - શર્તોની વિગત માટે https://www.bankauctionwizard.com અને બિઝનેસ દસ્તાવેજના રૂલ ડાઉનલોડ કરવાના રહેશે.
૪. ઇચ્છુક ખરીદનાર /બીડરએ ઈએમડી કેસ /ડિમાંડ ડ્રાફ્ટ અધિકૃત ઓફિસર, મેંગલોર- પાંડેશ્વર બ્રાન્ચ પર તા. ૦૫.૦૯.૨૦૧૮ પહેલા ૩.૦૦ ક્લાકે તમારા નામ સાથે https://www.bankauctionwizard.com પર નોંધાવાના રહેશે. અને ઈ-હરાજી ની ઓનલાઇન ટ્રેનીંગ શ્રી રામુ જીકે (સંપર્ક ફોન નં.૦૮૦-૪૦૪૮૨૦૦૦ અને મોબાઇલ ૦૯૯૪૫૨૬૬૦૨૨, ૦૯૬૭૪૭૫૮૭૨૦, ઈ-મેલ : ramu.gk@antaressytems.com) પર સંપર્ક કરવો.
૫. ઉપરોક્ત ઑફર માં બીડ પ્રાઇઝ અને આરક્ષિત પ્રાઇઝ માં વધારો કરીને બીડર્સએ જમા કરવાની રહેશે.
૬. અધિકૃત અધિકારી એ મિલકત પર બોઝાની જાણકારી અને નોલેજ આપેલ છે. ઇચ્છુક બીડરે આપણી રીતે એની જાણકારી જેમા એના પર બોઝ, મિલકતનો ટાઇટલ મુકશે અને દાવા/હક/દેવા ની જાણ કરે એ પહેલા બોલી જમા કરાવવાની રહેશે. ઈ- હરાજી ની જાહેરાત પર કોઈ પણ કમીટમેન્ટ નહીં કરી શકો અથવા કોઈ પણ બેંક ને મિલકત નો વેચાણ નહી કરી શકે. કેવલ અધિકૃત અધિકારી/સિક્યોર્ડ ક્રેડીએટર કોઈ પણ થર્ડ પાર્ટી દાવો/ હક/દેવાની જવાબદારી નહી લઈ શકે.
૭. સૌથી ઉંચી બોલનાર અને સફળ થયલા બીડરે બીડ એને ખરીદ કીંમતના ૨૫ ટકા રકમ આપવાની રહેશે જેમાં ઇએમડી આપી હશે તે ગણતરીમાં લેવાશે. બાકીની રકમ ૧૫ દિવસની અંદર કન્ફરમેશન પછી જમા કરાવવાની રહેશે.
૮. બેંક-સત્તાવાર અધિકારીને હરાજી રદ કરવાનો અબાધિત અધિકાર છે તેના માટે કોઇ કારણ આપવાની જરૂર નથી.
૯. ઓથોરાઇઝ્ડ ઓફિસર નો સંપર્ક નં. અને નામ : પી. ગુરૂદથ વી નાયક, મો.:૯૧૦૮૯૭૨૩૩૩, ઈમેલઃ cb8824rec@corpbank.co.in
૧૦. કરજદાર અને જામીનદારને ૧૫ દિવસ ની નોટીસ હમેશ જાહેર કરેલ છે.

**હરાજીનો સમય અને તારીખ : ૦૬.૦૯.૨૦૧૮, ૧૧.૪૫ ક્લાક થી ૦૧.૪૫ ક્લાક અને (૧૦ મિનીટ વધારાનો અમર્યાદિત સમય છે)**

**સહી/-**
**એથોરાઇઝ્ડ ઓફિસર**
**કોર્પોરેશન બેંક વતી**

**તારીખ : ૦૯.૦૮.૨૦૧૮**
**સ્થળ : મેંગલુરૂ**